RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 128* Date: 06.03.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારતમાં ૨૪ કલાકમાં ૧૬,૮૩૮ નવા કેસ નોંધાયા, ૧૧૩ દર્દીઓએ ગુમાવ્યો જીવ

## દેશમાં કોરોના અનસ્ટોપેબલ: ૩૪ જિલ્લામાં ૧૦ દિવસમાં બમણી સ્પીડથી ફેલાયું સંક્રમણ

### ૧.૭૭ કરોડથી વધારે લોકોને વેક્સિન આપવામાં આવી, અત્યારસુધીમાં ૧.૧ કરોડ સંક્રમિત, કોરોનાના કેસને ધ્યાનમાં રાખીને મધ્યપ્રદેશમાં મે સુધી પહેલા ધોરણથી પાંચમા ધોરણના ક્લાસ બંધ રાખવા નિર્ણય

*ન્યુ દિલ્હી,તા.૫*

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જાણે ફરીથી માથું ઊચકી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. આંકડાઓ પર નજર કરીએ તો દેશમાં લગભગ ૧૮૦થી વધુ જિલ્લાઓમાં કોરોના દર્દીઓની સંખ્યા મળવાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જોકે તેમાં ૩૪ જિલ્લા એવા છે જેમાં સંક્રમણ ફેલાવાની ૧૦ દિવસમાં ઝડપ ડબલ થઈ ગઈ છે. તેમાં સૌથી વધુ મહારાષ્ટ્રના ૬ જિલ્લા, પંજાબના ૫ જિલ્લા, કેરળ અને ગુજરાતના ૪-૪ જિલ્લા તથા મધ્ય પ્રદેશના ૩ જિલ્લા સામેલ છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૮૦,૦૫,૫૦૩ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. બીજી તરફ, શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૬,૮૩૮ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૧૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૧૧,૭૩,૭૬૧થઈ ગઈ છે. કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૮ લાખ ૩૯ હજાર ૮૯૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૩,૮૧૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૭૬,૩૧૯ એક્ટિવ કેસો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૭,૫૪૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૪ માર્ચ સુધીમાં ભારતમાં કુલ ૨૧,૯૯,૪૦,૭૪૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગુરુવારના ૨૪ કલાકમાં ૭,૬૧,૮૩૪ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૮૦ કેસ નોંધાયા છે. જેની સામે ૩૬૯ દર્દીઓ સાજા થયા છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એકપણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૪૧૨ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૭.૩૬ ટકા છે. અત્યાર સુધીમાં ૧૧,૦૯,૫૧૫ વ્યક્તિઓને કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ અને ૨,૪૫,૦૧૦ વ્યક્તિઓને કોરોના વેક્સીનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આજે ૬૦ વર્ષથી વધારે વય ધરાવતા તેમજ ૪૫થી ૬૦ વર્ષ વયના ગંભીર બીમારી ધરાવતા ૧,૦૧,૯૯૧ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. આ રસીના કારણે એકપણ ગંભીર આડઅસર જોવા મળી નથી. ગુજરાતમાં અત્યારે કુલ ૨૭૪૯ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૪૦ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૨૭૦૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬૪૫૬૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને મધ્યપ્રદેશમાં મે સુધી પહેલા ધોરણથી પાંચમા ધોરણના ક્લાસ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમપીના સ્કૂલ શિક્ષણમંત્રી ઈન્દર સિંહ પરમારે આ વાત જણાવી છે. તેમણે કહ્યું છે કે રાજ્યમાં ૬થી ૮માં ધોરણના ક્લાસ વિશે પણ ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. મધ્યપ્રદેશમાં ભોપાલ અને ઈન્દોરમાં કોરોનાના સૌથી વધારે કેસ નોંધાયા છે. જ્યારે રાજ્યમાં અત્યારસુધીમાં ૨ લાખ ૬૨ હજાર ૮૫૦ લોકો સંક્રમિત થયા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે કોરોનાની વેક્સિન લીધી છે. તેમણે દિલ્હીની એલએનજેપી હોસ્પિટલમાં પહેલો ડોઝ લગાવ્યો છે. ૫૨ વર્ષના કેજરીવાલ ૧૦ વર્ષથી ડાયાબિટીસના દર્દી છે. તેમના પેરન્ટ્સે પણ વેક્સિન લીધી છે. બધાને કોવિશીલ્ડ વેક્સિન આપવામાં આવી છે.




### પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમને લઈ વેબિનારમાં વડાપ્રધાન મોદીએ કહ્યું-

## દુનિયાભરમાં રસી લઈને જાય છે વિમાન, સાથે લાવે છે ભારત પ્રત્યે ભરોસો અને આશીર્વાદ



ન્યુ દિલ્હી,તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમને લઈને આયોજિત વેબિનારને સંબોધન કર્યું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે અમે મેક ઈન ઈન્ડિયાને અલગ અલગ સ્તર પર મજબૂત કરવા માટે અનેક પગલાં લીધા છે. અમારી સામે દુનિયાભરના ઉદાહરણ છે. જ્યાં દેશોએ પોતાની મેન્યૂફેક્ચરિંગ ક્ષમતા વધારીને, દેશના વિકાસને ગતિ આપી છે. વેબિનારને સંબોધિત કરતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતમાં આજે જે વિમાન કોરોના વાયરસ રસીના લાખો ડોઝ લઈને દુનિયાભરમાં જઈ રહ્યા છે તે ખાલી આવતા નથી. તેઓ પોતાની સાથે ભારત પ્રત્યેનો ભરોસો, ભારત પ્રત્યે આત્મિયતા, સ્નેહ, આશીર્વાદ અને એક ભાવાત્મક લગાવ લઈને આવે છે. તેમણે કહ્યું કે આટલી મોટી સંખ્યામાં હિન્દુસ્તાનના તમામ ખૂણેથી તમારા બધાનું આ મહત્વપૂર્ણ વેબિનારમાં સામેલ થવું એ પોતાનામાં જ તેનું મહત્વ દર્શાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત આજે જે નમ્રતા અને કર્તવ્યભાવથી માનવતાની સેવા કરી રહ્યું છે તેનાથી સમગ્ર દુનિયામાં ભારત પોતાનામાં જ એક ખુબ મોટી બ્રાન્ડ બની ગયું છે.

ભારતની શાખ અને ઓળખ નિરંતર નવી ઊંચાઈ આંબી રહી છે. સ્વાસ્થ્ય સંકટના આ સમયમાં દુનિયાની સેવા કરીને ભારત એક વૈશ્વિક બ્રાન્ડ બની ગયું છે. તે ટ્રસ્ટ ફાર્મા સેક્ટર સુધી સીમિત નથી, પરંતુ દરેક સેક્ટરને તેનાથી ફાયદો થશે. તેમણે વધુમાં કહ્યું કે આજે ભારત એક બ્રાન્ડ બની ગયું છે. હવે તમારે ફક્ત પ્રોડક્ટની ઓળખ બનાવવાની છે. હવે તમારે વધુ મહેનત કરવાની નથી. જો મહેનત કરવી હોય તો પ્રોડક્શન ક્વોલિટી પર કરવાની છે. પીએમ મોદીએ કહ્યું કે દેશનું બજેટ અને દેશ માટે પોલીસી મેકિંગ ફક્ત સરકારી પ્રક્રિયા ન રહે, દેશના વિકાસ સાથે જોડાયેલા દરેક સ્ટેક હોલ્ડર્સનું તેમા ઈફેક્ટિવ એન્ગેજમેન્ટ હોય. આ જ ક્રમમાં આજે મેન્યુફેક્ચરિંગ સેક્ટર, મેક ઈન ઈન્ડિયાને ઉર્જા આપનારા તમારા જેવા મહત્વપૂર્ણ સાથીઓ સાથે ચર્ચા થઈ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે નિર્માણની વધતી ક્ષમતાઓ દેશમાં રોજગારીનું નિર્માણ કરે છે. ભારત આ એપ્રોચ સાથે ઝડપથી કામ કરવા માંગે છે.

આ સેક્ટરમાં આપમી સરકાર નિર્માણને પ્રોત્સાહન આપવા માટે એક પછી એક સુધાર કરી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે અમારી સરકાર માને છે કે દરેક ચીજમાં સરકારનો હસ્તક્ષેપ સમાધાનની જગ્યાએ સમસ્યા પેદા કરે છે. આથી અમે સેલ્ફ રેગ્યુલેશન પર ભાર મૂકી રહ્યા છીએ. આ વર્ષે અમારો ઈરાદો કેન્દ્ર અને રાજ્ય સ્તરના ૬૦૦૦થી વધુ ર્ઙ્ઘદ્બॅઙ્મૈટ્ઠહષ્ઠીજ ને ઓછો કરવાનો છે. તેમણે વધુમાં કહ્યું કે આ વર્ષના બજેટમાં ॅઙ્મૈં સ્કીમ સંબંધિત યોજનાઓ માટે લગભઘ ૨ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. ઉત્પાદનના સરેરાશ ૫ ટકા ઈન્સેન્ટિવ તરીકે અપાયું છે. ફક્ત પીએલઆઈ સ્કિમ દ્વારા જ આવનારા પાંચ વર્ષોમાં લગભગ ૫૨૦ બિલિયન ડોલરનું ઉત્પાદન ભારતમાં થવાનું અનુમાન છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણું ઉત્પાદન ખર્ચ, ગુણવત્તા અને ઉત્પાદનોની દક્ષતાને વૈશ્વક બજારમાં એક છાપ છોડવી જોઈએ અને આપણે તેને શક્ય બનાવવા માટે મળીને કામ કરવું જોઈએ. આપણા ઉત્પાદનો ઉપયોગકર્તાને અનુકૂળ, સૌથી આધુનિક, સસ્તા અને ટકાઉ હોવા જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે આ ॅઙ્મૈં જે સેક્ટર માટે છે તેને તો લાભ થઈ જ રહ્યો છે તેનાથી તે સેક્ટર સંબંધિત સમગ્ર ઈકોસિસ્ટમને પણ ફાયદો થશે. ઓટો અને ફાર્મામાં ॅઙ્મૈં થી ઓટો પાર્ટ, ચિકિત્સા ઉપકરણ, અને દવાઓના રો મટીરિયલ સંબંધિત વિદેશી નિર્ભરતા ખુબ ઓછી થશે.

### તસવીરની આગળ લખ્યું છે- 'ભારતના ખેડૂત વિરોધના મોરચા પર.'

## ટાઇમ મેગઝીનના કવર પેજ પર ખેડૂત આંદોલનમાં સામેલ મહિલાઓને મળ્યું સ્થાન




**ન્યુ દિલ્હી,તા.૫**

અમેરિકાની પ્રતિષ્ઠિત ટાઈમ મેગઝીનએ પોતાના તાજેતરના અંકના કવર પેજ પર ખેડૂત આંદોલનમાં સામેલ મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે. કવર પેજ પર આંદોલનકારી મહિલાઓની તસવીર છે. તસવીરની આગળ લખ્યું છે- 'ભારતના ખેડૂત વિરોધના મોરચા પર.' નોંધનીય છે કે ત્રણ નવા કૃષિ કાયદાઓના વિરોધમાં દેશના અનેક ખેડૂતો દિલ્હીની સરહદો પર છેલ્લા ચાર મહિનાથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

ટાઈમ મેગઝીને દીલ્હીના ટિકરી બોર્ડર પર ૨૦ મહિલાઓના એક સમૂહની તસવીર પ્રકાશિત કરી છે જેઓ ખેડૂત આંદોલનમાં સામેલ થવા પહોંચી હતી. ટાઈમ મેગઝીને જણાવ્યું છે કે કેવી રીતે મહિલાઓ પણ વિરોધના મોરચા પર અડગ રહી છે. આર્ટિકલનું ટાઈટલ છે- 'I Cannot Be Intimidated. I Cannot Be Bought.' એટલ કે અમને ધમકાવી નહીં શકાય, અમને ખરીદી નહીં શકાય. આર્ટિકલમાં લખવામાં આવ્યું છે કે મોટભાગની મહિલાઓ પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ગ્રામ્ય વિસ્તારથી દિલ્હી બોર્ડર પર પહોંચી હતી.

Time Magazineએ વધુમાં લખ્યું છે કે આ મહિલાઓ એ વાતથી હેરાન હતી કે, તેઓ દિલ્હીની આસપાસના વિરોધ પ્રદર્શન સ્થળો પર ખાવાનું બનાવવા અને સફાઈની સેવાઓ આપનારા કાર્યકર્તા હતી, ન કે આંદોલનમાં બરાબરીની હિસ્સેદારી રાખનારી. પશ્ચિમ ઉત્તર પ્રદેશના રામપુરની ૭૪ વર્ષીય જસબીર કૌરે ટાઈમ મેગઝીનને જણાવ્યું કે, અમારે કેમ પરત જવું જોઈએ? આ માત્ર પુરૂષોનું વિરોધ પ્રદર્શન નથી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૫૧૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૭૨૨૪૦**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૪૦૫**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૬૫૦૬૯**

## કોરોનાને નાથવા કેન્દ્રએ મોલ, રેસ્ટોરન્ટ, ધાર્મિક સ્થળો માટે જાહેર કરી નવી ગાઈડલાઈન્સ

ન્યુ દિલ્હી,તા.૫

ભારતમાં ફરી એકવાર કોરોના વાયરસ માથુ ઉચકી રહ્યો છે. સંક્રમિતોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. કેન્દ્રએ કોરોના વેક્સીનનું રસીકરણ અભિયાન ઝડપી બનાવ્યા બાદ હવે કોરોનાને નાથવા નવી ગાઈડલાઈન જાહેર કરી છે. કેન્દ્રએ રેસ્ટોરેન્ટ અને ધાર્મિક સ્થળો જે સાર્વજનિક સ્થળોએ આવેલા છે તેને ધ્યાનમાં રાખીને બહાર પાડી છે. કેન્દ્રએ આ ગાઈડલાઈન્સમાં જૂની દિશા-નિર્દેશોને પણ શામેલ કર્યા છે. આ ગાઈડલાઈન મોલ્સ, રેસ્ટોરેન્ટ અને ધાર્મિક સ્થળો જે સાર્વજનિક સ્થળો આવેલા છે, જેમાં કેન્દ્ર સરકારે નવી યાદી જાહેર કરી છે, જાહેર સ્થળો પર માસ્ક અનિવાર્ય કરવામાં આવ્યું છે. આ નવી માર્ગદર્શિકા ૧ માર્ચથી જ અમલમાં આવી છે. જેમાં સરકારે હવે ધાર્મિક સ્થળો માટેની યાદી પણ શામેલ કરી છે. આ ગાઈડલાઈન્સ પ્રમાણે ધાર્મિક સ્થળોમાં પ્રવેશ સમયે ફરજિયાત હાથની સ્વચ્છતા અને થર્મલ સ્ક્રિનિંગ પ્રક્રિયા શામેલ છે. આદેશમાં એ પણ ઉમેરવામાં આવ્યું છે કે, માત્ર એસિમ્પટમેટિક લોકોને જ ધાર્મિક સ્થળોએ પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. માસ્ક પહેરવું પણ ફરજીયાત રાખવામાં આવ્યું છે.

રોસ્ટોરન્ટ માટેની ગાઈડલાઈન્સ

રેસ્ટોરન્ટમાં જ બેસીને જમવાના એટલે કે ડાઇન-ઇનને બદલે ટેકઅવેને પ્રોત્સાહિત કરવામાં આવશે.

કોવિડ સાવચેતીને પગલે યોગ્ય રીતે ફૂડ ડિલિવરી કરવામાં આવશે.

હોમ ડિલિવરી માટે પરવાનગી આપતા પહેલા હોમ ડિલિવરી સ્ટાફનું થર્મલ સ્ક્રિનિંગ.

પાર્કિંગના સ્થળોમાં અને યોગ્ય જગ્યાઓએ યોગ્ય અંતર્ગત નિયમોને અનુસરતા જગ્યાની બહાર યોગ્ય ભીડનું સંચાલન.

સ્ટોરન્ટની અંદર લાઈનો વખતે ૬ ફૂટનું શારીરિક અંતર જાળવવું.

## રેલવેએ પ્લેટફોર્મ-ટિકિટની કિંમતમાં ત્રણ ગણો વધારો કર્યો

ન્યુ દિલ્હી,તા.૫

વિશ્વભરમાં કોરોના રોગચાળાની વચ્ચે રેલવે મંત્રાલયે પ્લેટફોર્મની ટિકિટની કિંમતોમાં વધારો કર્યો છે. મંત્રાલયનું કહેવું છે કે આ હંગામી ધોરણે લેવાયેલો નિર્ણય છે, જે યાત્રીઓની સુરક્ષા અને સ્ટેશનો પર વધુ ભીડ જમા થતી રોકવા માટે લેવામાં આવ્યો છે. આ નિર્ણય પછી પ્લેટફોર્મની ટિકિટની કિંમત હવે રૂ. ૩૦ થઈ ગઈ છે.મંત્રાલયે જણાવ્યું હતું કે સ્ટેશનો પર ભીડને નિયંત્રિત કરવાની જવાબદારી ડિવિઝનલ રેલવે મેનેજરોની છે. કોરોના રોગચાળાને કારણે રેલવે દ્વારા યાત્રીઓના હિતમાં લેવાયેલો નિર્ણય છે, જેથી સ્ટેશનો પર થતી ભીડને રોકી શકાય. આ પહેલાં રેલવેએ ઓછા અંતરવાળી ટ્રેનોની ટિકિટની કિંમતોમાં વધારો કર્યો હતો, જેથી બિનજરૂરી પ્રવાસને અટકાવી શકાય. દેશમાં એક વર્ષ પહેલાં કોરોના સંક્રમણમાં સતત વધારો થતાં પ્લેટફોર્મ ટિકિટની સુવિધાને બંધ કરવામાં આવી હતી. લોકડાઉન પહેલાંના સમય પહેલાં ૧૮થી ૨૨ માર્ચ દરમ્યાન પ્લેટફોર્મની કિંમત વધારીને રૂ. ૫૦ કરવામાં આવી હતી. જેથી પ્લેટફોર્મ પર ભીડમાં ઘટાડો થયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# હવે ચેક બાઉન્સ થવો ભારે પડશે, સુપ્રીમ કોર્ટે અપનાવ્યુ કડક વલણ



**ચેક બાઉન્સ થવાના મામલા ઘણા વધી ગયા છે. જેને લઈને સુપ્રીમ કોર્ટે કડક વલણ દેખાડ્યુ છે. Negotiable Instruments Act, 1881 હેઠળ ચેક બાઉન્સના કેસમાં ક્રિમિનલ ઓફેંસ માનવામાં આવ્યુ છે. હવે કોર્ટ ઇચ્છે છે કે આવા કેસોનો વહેલી તકે સમાધાન થાય. સુપ્રીમ કોર્ટે અદાલતોમાં પેન્ડીંગ ૩૫ લાખથી વધુ કેસને 'વિચિત્ર' પરિસ્થિતિ ગણાવી અને કેન્દ્ર સરકારને સૂચન કર્યું કે આ સમસ્યાથી છૂટકારો મેળવવા માટે ચોક્કસ સમયગાળા માટે વધારાની અદાલતોની સ્થાપના માટે કાયદો ઘડવો. ચીફ જસ્ટિસ એસ.એ.બોવડેની અધ્યક્ષતાવાળી પાંચ જજની બેંચે કહ્યું કે બંધારણની કલમ ૨૪૭ હેઠળ કેન્દ્ર સરકારને ચેક બાઉન્સના મામલાઓને સોંપવાની સત્તા આપવામાં આવી છે અને તે તેની ફરજ પણ બને છે.**

**બંધારણની આર્ટિકલ ૨૪૭ સંસદને સશક્ત બનાવે છે કે તે તેના દ્વારા બનાવેલા કાયદાના વધુ વહીવટ માટે કેટલીક વધારાની અદાલતોની સ્થાપના કરી શકે. તે સંઘની સૂચિથી સંબંધિત હાલના કાયદાઓના કિસ્સામાં પણ આ પ્રકારનું પગલું લઈ શકે છે. ખંડપીઠમાં ન્યાયાધીશ એલ નાગેશ્વરા રાવ, બી.આર. ગવઈ, એ.એસ. બોપન્ના અને એસ.રવિન્દ્ર ભટ પણ શામેલ છે. ખંડપીઠે કહ્યુ કે, કાયદાના વિકૃતિને લીધે, તેના અંતર્ગત પેન્ડિંગ કેસની સંખ્યા વધી રહી છે. આવા કેસો સાથે કામ કરવા માટે, તમે નિયત સમયગાળા માટે વધારાની અદાલતોની સ્થાપના કરી શકો છો. " સુપ્રીમ કોર્ટે કહ્યુ કે, કેન્દ્ર આ પ્રકારની બાબતોથી છૂટકારો મેળવવા માટે એક સેવાનિવૃતિ ન્યાયાધીશ અથવા કેસોના કોઈ વિશેષજ્ઞની પણ નિમણૂક કરી શકે છે.**

**ખંડપીઠે કેન્દ્ર વતી આ મામલે હાજર સોલિસીટર જનરલ તુષાર મહેતાને કહ્યું હતું કે કાયદા હેઠળ બાકી રહેલા કેસો સમગ્ર ન્યાયિક પ્રણાલીમાં બાકી રહેલા કેસોમાં ૩૦ ટકા થઈ ગયા છે. જ્યારે આ કાયદો ઘડ્યો હતો, ત્યારે તેની ન્યાયિક અસરનું આકારણ નહોતું. સર્વોચ્ચ અદાલત મુજબ, કાયદાની રચના કરતી વખતે આ પ્રકારનું આકારણી થવું જોઈએ. તેમણે કહ્યું કે જ્યારે કાયદો ઘડવામાં આવ્યો હતો, જો તેની અસરનું આકારણી કરવામાં ન આવે તો તે હવે થઈ શકે છે. આ માટે કેન્દ્ર બંધારણમાં આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરી શકે છે.આ સંદર્ભમાં, ખંડપીઠે દારૂના કાયદાના પ્રતિબંધ બાદ બિહારમાં બાકી રહેલા હજારો જામીન કેસનો પણ ઉલ્લેખ કર્યો છે. મહેતાએ જણાવ્યું હતું કે, સરકાર કોઈપણ નવા આઇડિયા પર સકારાત્મક રહે છે, તેમ છતાં આ મુદ્દે વધુ ચર્ચા કરવાની જરૂર છે.**

### ૪૨ મુસ્લિમ ઉમેદવારોને ઉતાર્યા મેદાને

# બંગાળ ચૂંટણી: તૃણમૂલ કોંગ્રેસે ૨૯૪ ઉમેદવારોની યાદી કરી જાહેર



કોલકાતા,તા.૫

પશ્ચિમ બંગાળમાં થનારી આગામી વિધાનસભા ચૂંટણી માટે તૃણમૂલ કોંગ્રેસે ૨૯૧ ઉમેદવારોની યાદી બહાર પાડી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોલકાતામાં પોતાના કાલીઘાટ ખાતેના નિવાસસ્થાનેથી તમામ ઉમેદવારોની યાદી જાહેર કરી. આ સાથે જ તેમણે જણાવ્યું કે તેમની પાર્ટીએ ૩ બઠકો પોતાની સહયોગી ગોરખા જનમુક્તિ મોર્ચા માટે છોડી છે. પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે ૮ તબક્કામાં મતદાન થશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી નંદીગ્રામ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે.

પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે હું ભવાનીપુર સીટને સોભનદેવ ચટ્ટોપાધ્યાય માટે છોડી રહી છું. હું ફક્ત નંદીગ્રામથી ચૂંટણી લડીશ. મમતા બેનર્જીએ ઉમેદવારોની યાદી જાહેર કરતા કહ્યું કે રાજયની ૨૯૪ વિધાનસભા બેઠકોમાંથી તૃણમૂલ કોંગ્રેસ ૨૯૧ બેઠકો પર ચૂંટણી લડશે. જયારે ૩ બેઠક સહયોગી પાર્ટી ગોરખા જનમુક્તિ મોરચા માટે છોડી છે. મમતા બેનર્જીએ જણાવ્યું કે ટીએમસીએ દાર્જિલિંગ, કલિમ્પોંગ અને કુરસેઓંગ સીટ ગોરખા જનમુક્તિ મોરચાને આપી છે.

મમતા બેનર્જીએ જણાવ્યું કે અમે ચૂંટણી સમિતિ સાથે બેઠક બાદ ઉમેદવારોના નામ નક્કી કર્યા છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે પાર્ટીએ ૫૦ મહિલાઓને આ વખતે ટિકિટ આપી છે. આ ઉપરાંત ટીએમસીએ ૪૨ મુસ્લિમો, ૭૯ અનુસૂચિત જાતિ અને ૧૭ અનુસૂચિત જનજાતિના લોકોને ટિકિટ આપી છે.

**ટીએમસીએ આ ફોર્મ્યુલા પર નક્કી કર્યા નામ**

૧. ૮૦ વર્ષથી ઉપરના કોઈ નેતાને ટિકિટ નથી અપાઈ.

૨. ગંભીર બીમારી કે લાંબી બીમારીવાળા કોઈ વ્યક્તિને ટિકિટ અપાઈ નથી.

૩. ૮૦ વર્ષથી વધુ ઉંમર અને બીમારીવાળા કેટલાક વર્તમાન વિધાયકોની ટિકિટ કપાઈ છે.

૪. લિસ્ટમાં લગભગ ૪૦ ટકા કે તેનાથી વધુ મહિલાઓને સામેલ કરાઈ છે.

૫. વિશેષ રીતે યુવા નેતાઓ અને વિદ્યાર્થી વિંગના નેતાઓને તક અપાઈ જે વધુ ઉર્જા સાથે કામ કરશે અને તેમની છબી ચોખ્ખી છે.

૬. આ વખતે સિતારાઓ/ કલાકારો/ ખેલાડીઓની વધુ ભાગીદારી કરાઈ છે.

૭. ભ્રષ્ટાચારના આરોપ કે ખરાબ છબીવાળા નેતાઓને આ વખતે ટિકિટ અપાઈ નથી.

**પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં થશે ચૂંટણી**

અત્રે જણાવવાનું કે પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે ૮ તબક્કામાં મતદાન થશે. રાજયમાં ૨૭ માર્ચ, એક એપ્રિલ, ૬ એપ્રિલ, ૧૦ એપ્રિલ, ૧૭ એપ્રિલ, ૨૨ એપ્રિલ, ૨૬ એપ્રિલ અને ૨૯ એપ્રિલે મતદાન થશે. જ્યારે ચૂંટણી પરિણામ ૨ મે ના રોજ આવશે. પહેલા અને બીજા તબક્કામાં ૩૦-૩૦ બેઠકો માટે, જ્યારે ત્રીજા તબક્કામાં ૩૧૨, ચોથા તબક્કામાં ૪૪ બેઠકો, પાંચમા તબક્કામાં ૪૫ બેઠકો, છઠ્ઠા તબક્કામાં ૪૩ બેઠકો, સાતમા તબક્કામાં ૩૬ અને આઠમા તબક્કામાં ૩૫ બેઠકો માટે મતદાન કરાવવામાં આવશે.

**નંદીગ્રામથી ચૂંટણી લડશે મમતા બેનર્જી**

બીજેપીની હિન્દુત્વ રાજનીતિના જવાબ આપવા માટે મમતા મહાશિવરાત્રિના દિવસે પોતાનું નામાંકન દાખલ કરી શકે છે. મમતા બેનર્જીના નંદીગ્રામથી ચૂંટણી લડવાની જાહેરાત બાદ નંદીગ્રામ નિશ્ચિત રીતે સૌથી વીઆઈપી સીટ બની ગઈ છે. અહીંથી નક્કી થશે કે, બંગાળની રાજનીતિ આગળ કઈ બાજું વળાંક લેશે. આ સીટ પર શુભેંદુ અધિકારી જ વર્તમાન ધારાસભ્ય છે. હવે એ જોવું રસપ્રદ હશે કે મમતાની વિરુદ્ધ શુભેંદુ ખુદ ઉભા રહે છે કે પછી કોઈ બીજાને બીજેપી પોતાના ઉમેદવાર જાહેર કરે છે.

# પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારોએ સરકારની સામે 'ધર્મસંકટની સ્થિતિ' છે: નાણામંત્રી

ન્યુ દિલ્હી,તા.૫

નાણામંત્રી નિર્મલા સીતારમણએ પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડાના પ્રશ્ન પર કહ્યું કે તેઓ દેશના વપરાશકારોની જરૂરિયાતને સમજે છે પરંતુ આ કેસમાં સરકારની સામે 'ધર્મસંકટની સ્થિતિ' છે. તેમણે કહ્યું કે કેટલાંય એવા સંકેત મળી રહ્યા છે જેના પરથી એ સાબિત થાય છે કે અર્થતંત્રમાં સુધારો થઇ રહ્યો છે. નાણાંમંત્રી જે ધર્મસંકટની વાત કરી રહ્યા છે અસલમાં તે એ છે કે પેટ્રોલના ભાવ બજારના હવાલે છે એટલે કે તેની કિંમત હવે ઓઇલ કંપનીઓ નક્કી કરે છે. બીજીબાજુ કોરોના કાળમાં રેવન્યુ કલેકશનમાં ઘટાડો જોતા સરકાર માટે ટેક્સમાં ઘટાડો કરવો પણ ખૂબ જ મુશ્કેલ કામ છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટો હિસ્સો કેન્દ્ર અને રાજય સરકારોને ટેક્સમાંથી જ થાય છે. દિલ્હીમાં ૯૧ રૂપિયા પ્રતિ લીટરની આસપાસ જે પેટ્રોલ વેચાઇ રહ્યું છે તેના પર અંદાજે ૫૪ રૂપિયાનો તો ટેક્સ આપવો પડી રહ્યો છે.

આથી કેટલીય બાજુથી માંગ ઉઠી રહી છે કે પેટ્રોલ-ડીઝલ પર ટેક્સીસમાં ઘટાડો કરવો જોઇએ. શુક્રવારના રોજ એક પત્રકાર પરિષદમાં કહ્યું કે અમે ભારતીય યુવાનો પર ફોકસ કરવા માંગતા હતા, જે અમે બજેટમાં કર્યું પણ છે. અમારું બજેટ આવતા ૨૦ વર્ષને ધ્યાનમાં રાખીને બનાવ્યું છે. શું પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સામેલ કરાશે? આ પ્રશ્ન પર નિર્મલા સીતારમણે કહ્યું કે આ અંગે જીએસટી કાઉન્સિલ વિચાર કરી શકે છે. તેમણે કહ્યું કે અર્થવ્યવસ્થાની સ્થિતિની વાત કરીએ તો તેના કેટલાંય તબક્કા દેખાઇ રહ્યા છે. તેમણે કહ્યું કે હું કેટલાંય પક્ષો સાથે વાત કરી રહ્યો છું. મોટાભાગના ઉદ્યોગપતિઓએ કહ્યું કે હવે કારખાનાઓ પૂરી ક્ષમતાથી કામ કરી રહ્યા છે અને હવે તેઓ વિસ્તાર કરવા પર વિચાર કરી રહ્યા છે. નાણાંમંત્રીએ કહ્યું કે હવે ભરતીઓમાં સુધારો થઇ રહ્યો છે. આઇઆઇટી અને આઇઆઇએમનું પણ કહેવું છે કે ભરતીમાં તેજી આવી છે, નોકરીઓના બજારમાં સુધારો થઇ રહ્યો છે. તેમણે કહ્યું કે પ્રવાસી મજૂર પાછા કામ પર ફરી રહ્યા છે, તેનાથી પણ અર્થતંત્રમાં સુધારાના સંકેત મળી રહ્યા છે. તેમણે કહ્યું કે બેંક હવે હોમ લોન દરોમાં ઘટાડો કરી રહ્યા છે.

# ગેંગસ્ટર જુસબ અલારખાની ધરપકડ કરનાર ગુજરાત ATSની ચાર મહિલા કર્મીઓ પર બનશે ફિલ્મ

અમદાવાદ,તા.૫

આગામી ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવશે. મહિલા દિવસની ઉજવણી પહેલા જ ગુજરાતની મહિલાઓ માટે માટે ગર્વ લેવા જેવી બાબત સામે આવી છે. ગુજરાત એટીએસના ચાર મહિલા પોલીસ કર્મીઓની બહાદુરીને ફિલ્મી પડદા પર કંડારવામાં આવશે.મહિલાઓ પ્રધાન ફિલ્મ હોય અને તેમાં પણ ગુજરાતી મહિલાના જીવન પર હોય ત્યારે સૌ ગુજરાતીની છાતી ગજ ગજ ફુલે જ ને. ગુજરાત એટીએસના ચાર મહિલા પોલીસ કર્મીઓની બહાદુરીને ફિલ્મી પડદા પર કંડારવામાં આવશે.બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં પોલીસ પર અત્યાર સુધી અઢળક ફિલ્મો બની છે. આ ફિલ્મોમાં મોટાભાગે પુરૂષોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પરંતુ હવે માટે ગર્વ લેવા જેવી વાત છે.

ગુજરાત એટીએસના ચાર મહિલા પોલીસ કર્મીઓ પર બોલીવુડના ડાયરેક્ટર આશિષ આર મોહન ફિલ્મ બનાવવાના છે. ગુજરાતની આ ચારેય મહિલા પોલીસકર્મીઓએ એક ખતરનાક મિશનને પાર પાડી આરોપીને ઝડપી લીધો હતો.ગુજરાત એટીએસમાં ફરજ બજાવતા પીએસઆઈ સંતોક ઓડેદરા, નિતીમિકા ગોહિલ, અરૂણા ગામેતી, સિમ્મી માલે પર આ ફિલ્મ બનવા જઈ રહી છે. તેમના કામથી પ્રભાવિત થઈ '૭૮૬' ફિલ્મના ડાયરેક્ટર આશિષ મોહને તેમના પર મૂવી બનાવવાનો નિર્ણય લીધો છે.

ગુજરાત એટીએસના ઢેંચ હિમાંશુ શુક્લા હતા ત્યારે તેમણે આ ચારેય મહિલાકર્મીઓને મહત્વની જવાબદારી આપી હતી. ત્યારે તેમણે આ ચારેય મહિલાઓને મહત્વની જવાબદારી આપી હતી. આ ચારેય મહિલા અધિકારીઓએ એક મહત્વના મિશન હેઠળ કુખ્યાત ગેંગસ્ટર જુસબ અલારખાની ધરપકડ કરી હતી. આ ફિલ્મના ડાયરેક્ટર આશિષ આર મોહને કહ્યુ કે, ગુજરાત એટીએસની આ બહાદુર મહિલાઓની પ્રેરણાદાયક કહાનીને સિલ્વર સ્ક્રીન પર દેખાડવી ખરેખર ગર્વની વાત છે. મહત્વનું છે કે આશિષ મોડન અત્યાર સુધી ખેલાડી ૭૮૬, ગોલમાલ રિટર્ન જેવી ફિલ્મો આપી છે.

# ન્યૂઝીલેન્ડમાં ૮.૧ની તીવ્રતાનો ભૂકંપ,રાતે સતત આંચકા અનુભવાતા ભય

વેલિંગટન,તા.૫

વેલિંગ્ટન: ન્યૂઝીલેન્ડમાં કેરમાડેક દ્વીપની પાસે ભૂકંપના જોરદાર આંચકા મહેસૂસ થયા છે. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૮.૧ માપવામાં આવી છે. ન્યૂઝીલેન્ડમાં ત્રીજીવાર ભૂકંપના ઝટકા મહેસૂસ થયા છે. પહેલો ભૂકંપ રાતે લગભગ ૨.૨૭ વાગે નોર્થ આઈલેન્ડ વિસ્તારમાં આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૨ની હતી. ત્યારબાદ ૪ કલાક પછી કેરમાડેક દ્વીપ પાસે ૭.૪ની તીવ્રતાથી ભૂકંપના ઝટકા મહેસૂસ થયા હતા.

ત્રીજો આંચકો ૮.૨૮ વાગે (સ્થાનિક સમય સવારે) ૮.૧ની તીવ્રતાનો આવ્યો હતો. હાલ જાનમાલની હાનિના કોઈ સમાચાર નથી. પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે, જે સતત ઘૂમતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ સૌથી વધુ ટકરાય છે તે ઝોન ફોલ્ટ ઝોન કહેવાય છે. વારંવાર ટકરાવવાના કારણે પ્લેટ્સના ખૂણા વળે છે. જ્યાં સૌથી વધુ દબાણ સર્જાય છે ત્યાં પ્લેટ્સ તૂટવા લાગે છે અને નીચેની એનર્જી બહાર આવવાનો રસ્તો શોધે છે. ત્યારબાદ ડિસ્ટર્બન્સ વધે છે અને ભૂકંપ આવે છે.

# કોરોના : ભારત બાયોટેકે શરૂ કર્યુ નેઝલ વેક્સિનનું ટ્રાયલ, ૧૦ લોકો કરાયા શોર્ટલિસ્ટ

ન્યુ દિલ્હી,તા.૫

કોરોના વાયરસ વિરુદ્ધ દેશમાં વેક્સીનેશનનું કામ જારી છે. હવે આ મિશનમાં વધુ એક સફળતા મળી છે. હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક કંપનીએ નેસલ વેક્સીનનો ટ્રાયલ શરૂ કર્યુ છે. આ વેક્સિન દ્વારા નાક દ્વારા ડોઝ આપવામાં આવશે. જો કોરોનાને માત દેવામાં કારગર સાબિત થઈ શકે છે. વર્ષની શરૂઆતમાં જ ભારત બાયોટેકે ફેઝ ૧ ટ્રાયલ માટે મંજૂરી માંગી હતી. જેને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા તરફથી મંજૂર કરાયુ હતું. હવે આ સપ્તાહની શરૂઆતમાં હૈદરાબાદના એક હૉસ્પિટલમાં ઈન્ટ્રાનેસલ વેક્સીનનું ટ્રાયલ શરી કરવામાં આવ્યુ. આ ટ્રાયલ માટે ૧૦ લોકોને શોર્ટ લિસ્ટ કરાયા છે. જયારે બે લોકોને વેક્સિન અપાઈ છે.

ભારત બાયોટેક અનુસાર જે બે લોકોને વેક્સિન આપવામાં આવી છે તે બ્લકુલ સ્વસ્થ છે. જો નેસલ વેક્સિનનું ટ્રાયલ પુરી રીતે સફળ થાય છે તો તેને મંજૂરી મળી શકે છે તો કોરોના વાયરસના ખતરો ટાળવામાં તે ઘણી કારગર નીવડશે. કારણ કે, વેક્સીન નાકથી આપવામાં આવે છે. એવામાં વધારે સફળ થવાની આશા છે. ભારત બાયોટેક દ્વારા બનાવાયેલી કોરો-ફ્લૂ દ્વારા માત્ર એક ડ્રોપમાં જ કામ થઈ જશે. ભઆરત બાયોટેકે વોશિંગ્ટન યૂનિવર્સિટી સાથે મળીને નેઝલ વેક્સીન પર રિસર્ચ કરીને તેને તૈયાર કરી છે. આ વેક્સિનને આપવામા કોઈપણ પ્રકારની સોયનો ઉપયોગ નથી કરવો પડતો.

# અમરાવતી મહાનગર પાલિકાના ૮૦ કર્મચારી કોરોના સંક્રમિત થતા ખળભળાટ



અમરાવતી,તા.૫

મહારાષ્ટ્રના અમરાવતીમાં કોરોના વાયરસનો પ્રકોપ ખુબ ઝડપથી વધી રહ્યો છે. અમરાવતી મહાનગર પાલિકામાં કામ કરતા ૮૦ કર્મચારી કોરોના પોઝિટિવ નીકળ્યા છે. જયારે ૫ કર્મચારીઓના કોરોના વાયરસ સંક્રમણના કારણે મોત થઈ ચૂક્યા છે. કોરોના વાયરસ પોઝિટિવ આવેલા અમરાવતી મહાનગર પાલિકાના કર્મચારીઓમાં ડોક્ટર અને એન્જિનિયર સહિત તમામ પદો પર કામ કરતા લોકો સામલ છે. અમરાવતી મહાનગર પાલિકામાં કામ કરનારા કુલ કર્મચારીઓની સંખ્યા ૩૦૦૦ છે.

આ ઉપરાંત પ્રાઈવેટ રીતે કામ કરવા માટે પણ કર્મચારીઓ રાખવામાં આવ્યા છે. નોંધનીય છે કે અમરાવતી જિલ્લાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટની ઓફિસમાં કામ કરતા ૬૦-૬૫ કર્મચારીઓ કોરોના પોઝિટિવ હોવાની વાત સામે આવી છે. અમરાવતીના ડીએમની ઓફિસમાં કામ કરનારા કર્મચારીઓની કુલ સંખ્યા ૨૦૦ છે. આ બાજુ સંત ગાડગે બાબા અમરાવતી યુનિવર્સિટીમાં કામ કરતા ૫૬ કર્મચારીઓ પણ કોરોના પોઝિટિવ નીકળ્યા છે. કોરોના સંક્રમિત દર્દીઓને ક્વોરન્ટિન કરવામાં આવ્યા છે.

ઝડપથી વધી રહેલા કોરોના વાયરસના કેસ જોતા અમરાવતીમાં ૨ અઠવાડિયાનું લોકડાઉન લાગુ છે. ૮ માર્ચ સુધી અમરાવતીમાં લોકડાઉન ચાલુ રહેશે. ત્યારબાદ હાલાત જોઈને લોકડાઉન આગળ વધારવું કે નહીં તે નિર્ણય લેવાશે. અમરાવતીમાં ગુરુવારે કોરોના વાયરસના ૬૭૩ નવા કેસ સામે આવ્યા હતા. જ્યારે ૯ દર્દીઓના કોરોનાના કારણે મોત થયા હતા.

# આઇશા આપઘાત કેસ: દહેજ સામે જાગૃકતા ફેલાવવા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની અપીલ



ન્યુ દિલ્હી,તા.૫

મુસ્લિમ યુવતી આયેશાએ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પરથી નદીમાં કુદીને આત્મહત્યા કર્યા પછી ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના એક વરિષ્ઠ સભ્યે દેશમાં બધા જ ઈમામોને દહેજ વિરુદ્ધ જાગૃતિ અભિયાન ચલાવવા અપીલ કરી છે.

ખાલિદ રશિદ ફરંગી મહાલિએ જણાવ્યું હતું કે, દહેજના કારણે આયેશા આરિફ ખાનનું મોત સમગ્ર મુસ્લિમ સમાજ માટે ચિંતાજનક છે. અમે બધી જ મસ્જિદોના ઈમામોને શુક્રવારની નમાજ પહેલાં ઈસ્લામિક હુકમનામું તેમજ પત્ની અને પતિના અધિકારો અને ફરજો અંગે લોકોમાં જાગૃતિ લાવવા અપીલ કરીએ છીએ. આ બાબતોને સરળ ભાષામાં લોકોને સમજાવવી જોઈએ, જેથી આયેશાની આત્મહત્યા જેવી કમનસીબ ઘટનાઓને ટાળી શકાય. તેમણે ઉમેર્યું કે, દહેજની માગણી 'હરામ' અને ઈસ્લામિક કાયદા વિરુદ્ધ છે. પરંતુ લોકો હજી પણ બિન ઈસ્લામિક અને અમાનવીય પદ્ધતિનો અમલ કરી રહ્યા છે.

અમદાવાદમાં ૨૩ વર્ષીય આયેશાએ તેના મોબાઈલ ફોન પર એક વીડિયો રેકોર્ડ કર્યા પછી ૨૫મી ફેબ્રુઆરીએ રીવરફ્રન્ટ પરથી સાબરમતી નદીમાં ઝંપ લાવીને આત્મહત્યા કરી લીધી હતી. આયેશાના પિતાએ બીજા દિવસે પોલીસમાં કરેલી ફરિયાદ મુજબ આયેશાનો પતિ આરિફ બાબુખાખન ૨૦૧૮માં લગ્ન કર્યા ત્યારથી દહેજ માટે તેને માનસિક રીતે પરેશાન કરતો હતો. પાછળથી રાજસ્થાનમાં રહેતા આયેશાના પતિની ધરપકડ કરાઈ હતી.

# મુંબઈની પ્રખ્યાત રેસ્ટોરન્ટના ૧૦ સ્ટાફનો રિપોર્ટ કોરોના પોઝિટીવ

ન્યુ દિલ્હી,તા.૫

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોરોનાનો ગ્રાફ વધી રહ્યો છે. હવે મુંબઈના ફેમસ રેસ્ટોરાના ૧૦ સ્ટાફ મેમ્બર કોરોના સંક્રમિત થયા છે. જે બાદ રેસ્ટોરાને બે દિવસ માટે બંધ કરવામાં આવી છે. આ સમાચાર બાદ લોકોના મનમાં સવાલો ઉભા થઈ રહ્યા છે કે રેસ્ટોરામાં જમવુ સુરક્ષિત છે કે નહિ.

બીએમસીએ જણાવ્યું કે અંધેરી સ્થિત રાધાકૃષ્ણ રેસ્ટોરેન્ટના ૧૦ સ્ટાફનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો છે. ત્યાર બાદ આ રેસ્ટોરેન્ટને બે દિવસ માટે બંધ કરી દેવામાં આવ્યું છે. રેસ્ટોરેન્ટમાં કુલ ૩૫ કર્મચારીઓ કાર્યરત છે. બીએમસી જણાવ્યું કે સેનિટાઈઝેશન અને નવા કર્મચારીઓની નિમંણૂક કર્યા બાદ રેસ્ટોરેન્ટ શરૂ કરવાની પરમીશન આપવામાં આવશે, ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા દિવસોથી મહારાષ્ટ્રના અલગ અલગ સ્થળોથી ચોંકવાનારા અહેવાલ સામે આવ્યા છે.

# ફાસ્ટેગનો ઉપયોગ કર્યો ન હોવા છતા એક વ્યક્તિના ખાતામાંથી પૈસા કપાયા

મુંબઈ,તા.૫

કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં હવે ફાસ્ટેગ જરૂરી કરી દીધુ છે. એટલે કે હવે હાઈવે પર ટોલ આપતા સમયે તેના પેમેન્ટ ફાસ્ટેગથી જ કરવું પડશે. ઓછુ બેલેન્સ રાખવા છતા પણ એકાઉન્ટમાંથી પૈસા કપાઇ રહ્યા છે. ફાસ્ટેગનો ઉપયોગ કર્યો ન હોવા છતા પણ એક વ્યક્તિના ખાતામાંથી પૈસા કપાઇ ગયા છે.

આઈટી કર્મચારી વિનોદ જોશીના ફોન પર ત્રણ એસએમએસ આવ્યા હતા. આ એસએમએસમાં લખ્યું હતું કે તેના ફાસ્ટેગ એકાઉન્ટમાંથી ૩૧૦ રૂપિયા કાપવામાં આવ્યા છે. સમસ્યા એ છે કે પૂરા દિવસ કાર તેના ઘરે રહી હતી.

તો ફાસ્ટેગ ખાતામાંથી રૂપિયા કેવી રીતે કાપવામાં આવ્યા? જોશીએ બનાવટી અથવા ક્લોન થયેલ ફાસ્ટેગના ડરથી આ અંગે તપાસની માંગ કરી છે. જોશીએ કહ્યું, 'બુધવારે મેં મારી કારનો ઉપયોગ માત્ર પુત્રીને શાળામાં મૂકવા માટે કર્યો હતો. તેમની શાળા સેનાપતિ બાપટ રસ્તા પર છે.

હું પૂના-મુંબઇ એક્સપ્રેસ વેની આજુબાજુ પણ નહોતો. મારી પાસે સીસીટીવી ફૂટેજ છે જેમાં પૂરા દિવસ કાર ઘરે રહી હતી. તેમણે કહ્યું કે, સવારે આવેલા પહેલા એસએમએસમાં વાશી ટોલ પ્લાઝામાંથી ૪૦ રૂપિયા કાપવાની માહિતી મળી હતી. જોશીએ કહ્યું, બીજો એસએમએસ ૮.૪૦ વાગ્યે આવ્યો, જેમાં ખલાપુર ટોલ પ્લાઝા પર ૨૦૩ રૂપિયા કપાવાની માહિતી હતી. ત્યારબાદ બપોરે ૧૨.૪૦ વાગ્યે ત્રીજો એસએમએસ આવ્યો. તેમાં ૬૭ રૂપિયાના ટાલેગાંવ ટોલ પ્લાઝા પરથી કપાયા હોવાની માહિતી હતી. જોશીએ ફાસ્ટેગ એકાઉન્ટ આપતી બેંકની ગ્રાહક સેવા સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પણ કંઈ બહાર આવ્યું નહીં.

તેણે કહ્યું, જો હું મારા ફાસ્ટેગ ખાતામાં વધારે પૈસા રાખ્યા હોત, તો મારે વધારે નુકસાન ભોગવવું પડી શકત. હું આ અંગે ચિંતિત છું અને અધિકારીઓએ આ મામલાની તપાસ કરવી જોઈએ. જોશીએ બેંકમાં ફરિયાદ નોંધાવી છે અને ટૂંક સમયમાં તેઓ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમનો પણ સંપર્ક કરશે. એમએસઆરડીસીના ચીફ ડાયરેક્ટરે કહ્યું છે કે અમે ચોક્કસપણે આ મામલાની તપાસ કરીશું. આ પ્રકારનો કિસ્સો પહેલીવાર સામે આવ્યો છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે પાંચ પદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : લક્ષ્ય,ધ્યેય,માર્ગ

..સંપર્ક સૂત્રો....

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

---

**NOG SS NO. 0092**

પ્રકાર:- પદ્ય

શીર્ષક:- ધ્યેય

ધ્યેયની વાત જ્યારે આવે છે,<br>અર્જુનની માછલીની આંખ વીંધવાની વાત યાદ આવે છે.<br>સમજણની કેડી પર જ્યારે પગ મૂક્યો,<br>જીવીશ બાકી સ્ત્રીઓથી અલગ જીવન,<br>ને બનાવીશ સ્વની ઓળખ,<br>એ વાત યાદ આવે છે.<br>ને એટલે જ અન્ય લોભામણાં ક્ષેત્રો ત્યજી ને,<br>અપનાવ્યું એનજીઓનું ક્ષેત્ર તે યાદ આવે છે.<br>વંચિતોનાં આંસુ લૂછતાં શ્લૂછતાં,<br>વંચિતોમાં યે સૌથી વંચિત સ્ત્રી છે,<br>એનો અહેસાસ થયાનું યાદ આવે છે.<br>ને તેથી જ જગાડી આહલેક અને કસી કમર,<br>ને રોપ્યું મારું ધ્યેય એ સહુમાં એ યાદ આવે છે.<br>સંતોષ છે કે મારું ધ્યેય પૂર્ણ કરી શકી,<br>પણ મારા ક્ષેત્રમાં એની ઉગાડેલી કૂંપણોમાંથી ઘટાદાર વૃક્ષો બની ગયા,<br>એ યાદ આવે છે.<br>ધ્યેય માત્ર વ્યક્તિ સુધી સીમિત નથી,<br>એને છેવાડાના લોકો સુધી પહોંચાડવાની મારી સફર યાદ આવે છે.

- અલકા મહેતા (ગાંધીનગર)

---

**NOG SS No :- 0038**

વિભાગ :- પદ્ય

વિષય :- ધ્યેય / લક્ષ્ય

શીર્ષક :- લક્ષ્ય

રાખી લક્ષ્યને આગળ સદા વધવું છે,<br>આવે ભલે તોફાન મંજિલે પહોચવું છે.<br>વિના ધ્યેય પથ કાપવો મુશ્કેલ છે,<br>ઊડતા પંખી જોઈ હૈયે હામ ભરવી છે.<br>મધદરિયે ડૂબે નાવ કિનારે પહોચવું છે,<br>દિલમાં છે આશ તો કોણ રોકનાર છે.<br>તૂટીને વિખરાઈ જવું એ નિરાશાને નોતરે છે,<br>મુસીબત સામે ટક્કર ઝીલી આગળ વધવું છે.<br>લાગણીનાં સાગરમાં નદી બની વહેવું છે,<br>ખુશીઓ ભરી દિલમાં મોજાની જેમ ઊછળવું છે.<br>"આકાંક્ષા" દિલમાં ભરી સફળતાને વરવું છે,<br>લક્ષ્ય બસ એક છે જીવન સાર્થક કરવું છે.

શીલા પટેલ " આકાંક્ષા "

---

**NOG SS No : 0064**

વિષય : લક્ષ્ય/ધ્યેય

વિભાગ : પદ્ય

શીર્ષક : વહાલ ઝગમગતું રાખજે

તડપ તારા મનની સંઘરી રાખ ભીતરે,<br>બેબાકળો બની શીદને વલખાં તું મારે!<br>અંતર ઝરૂખે વહાલ ઝગમગતું રાખજે.<br>સાચુકલું આ હેત કે અમથું અમથું ખેંચાણ?<br>ઘૂંઘવાતું હેત ભીતરે હોય જો બેસુમાર!<br>અંતર ઝરૂખે વહાલ ઝગમગતું રાખજે.<br>કોણ રોકી શકશે ધબકતાં સ્પંદનો?<br>લક્ષ્ય અડગ તું રાખ, પકડ ન ઢીલી પાડ.<br>અંતર ઝરૂખે વહાલ ઝગમગતું રાખજે.<br>ભાંગતો નહી મનસૂબો તારો,<br>કિનારો આંબશે તારા લક્ષ્યની નાવડી;<br>અંતર ઝરૂખે વહાલ ઝગમગતું રાખજે.<br>તપતા રણ વચ્ચે મૃગજળની ઉઠશે હેલી;<br>વિશ્વાસના હલેસે, આવશે વળતો પ્રતિસાદ.<br>અંતર ઝરૂખે વહાલ ઝગમગતું રાખજે.

નેહા બગથરીયા

---

**NOG SS No :-0011**

સાહિત્ય સરિતા

વિભાગ- પદ્ય- મૌલિક રચના

શબ્દ:- લક્ષ્ય/ ધ્યેય

શીર્ષક:- એ જ ધ્યેય...

બીજાના ખભે બંદૂક ફોડવા ઘણાં ખભા મળે ,<br>સાવજ છું આ દેશનો શત્રુનો નાશ એજ ધ્યેય.<br>મા ભોમની રક્ષા કાજે કાળજું કાઢી આપી દઉં ,<br>સ્વતંત્રતા કાજે બીજાનું વાજું વગાડું એજ ધ્યેય.<br>કુરબાન થવું છે તારી ચુંદડી રંગવાની આશાએ,<br>તિરંગી કફન ઓઢાડીને થાઉં વિદાય એજ ધ્યેય.<br>સત્તર તોપો ઝીલીને આઝાદ કરીશ મા ભોમને,<br>મા ભારતી તારા ચરણોમાં સ્થાન એ જ ધ્યેય.<br>ધરાનાં કણકણમાં ગુંજે આઝાદીનો ધબકાર,<br>માતૃભૂમિની રગેરગમાં દેશભકિત એજ ધ્યેય.

મનોજકુમાર પંચાલ'મન' પાલનપુર

---

**NOG SS No : 0051**

પ્રકાર: પદ્ય

વિષય: ધ્યેય,માર્ગ,લક્ષ્ય..

શીર્ષક: હે.....સખી !

હે....સખી<br>કલમ તારી ને<br>શબ્દો મારા અંતરનાં હોં !<br>હે....સખી<br>" ઉતાવળે આંબા<br>ના પાકેં" હોં !<br>હે....સખી<br>શાહી ખડિયો<br>રંગ બદલે હોં !<br>હે.....સખી<br>જીવનરંગ<br>મન સાવઁરો હોં !<br>હે...સખી<br>લોચન<br>અણિયારા હોં !<br>હે.....સખી<br>વાણીમાં<br>મીઠાસ ઘણેરી હોં !<br>હે....સખી<br>સંગીતનો સાથી<br>સૂર હોં !<br>હેં....સખી<br>જીવનમીત<br>પ્રીત ઘેલો હોં !<br>હેં...સખી<br>મારો ધ્યેય<br>મયુર માર્ગ હોં !

ઉર્વશી મહેતા<br>અમદાવાદ.



બગસરા લેઉવા પટેલ સમાજ આયોજીત લેઉવા પટેલ સમાજ બગસરા દ્વારા પટેલ સમાજ ના સ્થાપક અરજણભાઈ વેલજીભાઈ પટેલ ની ૧૮ મી પુણ્યતિથી નીમીતે એક શ્રધ્ધાજંલી સભા નુ આયોજન કરેલ છે નિર્વાંણ તારીખ ૬/3/२003 સભા તારીખ. ૬/3/२०२१ ને શનિવાર ના રાત્રે ८:3० કલાકે સ્થળ પટેલ વાડી ગોકુલપરા બગસરા તો તમામ જ્ઞાતિજનો તેમજ બગસરા શહેરીજનો ને શ્રધ્ધાજંલી આપવા ઉપસ્થિત રહેવા વિનંતિ વધુમા પટેલ સમાજ ના પ્રમુખ રમેશભાઈ સુવાગીયા એ જણાવેલ કે આજથી 3૬ વર્ષ પહેલા સમુહ લગ્ન ની શરૂઆત કરનાર સમુહ લગ્ન ના પ્રણેતા વડીલ અરજણબાપા એ કરી હતી તે આજ દિન સુધી સતત પટેલ સમાજ દ્વારા ચાલુ છે તેનો કારોબારી ના તમામ સભ્ય ને અને સમાજ ને ગૌરવ છે બગસરા શહેર ને ઘણી બધી સંસ્થાઓ જેવી કે પટેલ સમાજ ના સ્થાપક પ્રમુખ રહ્યયા નાગરિક સહકારી બેંક બગસરા જુથ વિવિધ સહકારી મંડળી. માર્કેંટીગ યાર્ડ અનેક વિવિધ સંસ્થાઓ ના આધ્યસ્થાપક અરજણભાઈ વેલજીભાઈ પટેલ ને શ્રધ્ધાજંલી આપવા શહેરીજનોને ઉપસ્થિત રહેવા પટેલ સમાજ ના પ્રમુખ રમેશભાઈ સુવાગીયા તેમજ કારોબારી સમિતિ એ જણાવેલ છે.

## ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને વિશ્વખ્યાત યુનિવર્સિટી ઓફ એડિન બર્ગ વચ્ચે થયા મહત્વપૂર્ણ MOA



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે વૈશ્વિક શિક્ષણની વધુ એક નવતર પહેલ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીના માધ્યમથી કરી છે

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુ.કે.ના સ્કોટલેન્ડ સ્થિત યુનિવર્સિટી ઓફ એડિન બર્ગે ભારત અને વિશ્વને ગુજરાત રિસર્ચ, ઈનોવેશન અને ઉચ્ચદક્ષતા પ્રાપ્ત વિદ્યાર્થીઓ આવનારા ભવિષ્યમાં પૂરા પાડી શકે તે હેતુસર ગાંધીનગરમાં એક મહત્વપૂર્ણ MOA સંપન્ન કર્યા છે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની પ્રત્યક્ષ ઉપસ્થિતીમાં થયેલા આ MOA એકસચેંજ સેરીમનીમાં બ્રિટીશ હાઇકમિશનર ટુ ઇન્ડીયા શ્રીયુત એલેક્ષ, યુનિવર્સિટી ઓફ એડન બર્ગના વાઇસ ચાન્સેલર શ્રીયુત પ્રોફેસર પિટર મેથીસન, ભારત સરકારના પ્રિન્સીપલ સાયન્ટીફિક એડવાઇઝર પ્રો. કે. રાઘવન વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતીમાં આ MOAનું પરસ્પર આદાન-પ્રદાન રાજય સરકારના સાયન્સ ટેકનોલોજી સચિવ શ્રી હારિત શુકલા અને ગુજરાત તથા રાજસ્થાન માટેના બ્રિટીશ ડેપ્યુટી હાઇકમિશનર શ્રીયુત પિટર કૂક વચ્ચે કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ તકને ગુજરાત માટે એક મહત્વપૂર્ણ અવસર ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસનું રોલમોડેલ ગુજરાત ઔદ્યોગિક, પ્રવાસન સહિતના ક્ષેત્રોના વિકાસ સાથે વર્લ્ડ કલાસ એજ્યુકેશન હબ તરીકે પણ ઊભરી આવ્યું છે. ગુજરાતમાં વિશ્વ સમકક્ષ બહુધા વિષયોના તજ્જ્ઞ શિક્ષણ-અભ્યાસ માટે રાજય સરકાર સેકટર સ્પેસિફિક યુનિવર્સિટીના કન્સેપ્ટ સાથે આગળ વધી રહી છે.

તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાજયની આવનારી પેઢીને બાયોટેકનોલોજી ક્ષેત્રના વર્તમાન સમયની માંગ અનુસાર વિશ્વકક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીએ આ નવિન પહેલ કરીને સ્કોટલેન્ડ યાર્ડ-યુ.કે.ની એડિન બર્ગ યુનિવર્સિટી સાથે તજ્જ્ઞ શિક્ષણ વ્યવસ્થાના MOA કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ ઁછના પરિણામ સ્વરૂપે ઈનોવેટિવ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેકટરમાં વર્લ્ડ સાયન્ટીસ્ટ અને સબ્જેકટ એકસપર્ટના જ્ઞાનનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને મળતો થવાનો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતને નોલેજ ડ્રિવન ઈકોનોમી તરીકે પ્રસ્થાપિત કરવાના બહુઆયામી ઉદ્દેશ સાથે ધોલેરામાં G-SER એટલે કે સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયન રાજય સરકાર સ્થાપવાની છે તેની પણ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, મહામારી, આનુવંશિક રોગ, કલાયમેટચેન્જ, ફૂડ સિકયુરિટીના ક્ષેત્રોમાં માનવજાત માટેની સમસ્યાઓનો સામનો કરવાની ક્ષમતા બાયોટેકનોલોજીમાં છે. રાજય સરકારે ગુજરાતમાં ઈનોવેશન ઈકો સિસ્ટમનો વિકાસ કરવા ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી પણ શરૂ કરી છે.

એટલું જ નહિ, બાયોટેકનોલોજી ક્ષેત્રને સંલગ્ન અદ્યતન સ્ટેટ ઓફ ધી આર્ટ બાયોસેફટી લેવલ-૩ લેબ સ્થાપવા આ વર્ષના બજેટમાં બે કરોડ રૂપિયાનું પ્રાવધાન પણ કર્યુ છે એમ તેમણે ગૌરવ સહ ઉમેર્યુ હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ ઇડન બર્ગ વચ્ચેની આ સહભાગીતા એક નવું સિમાચિન્હ બનશે એવો દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

બ્રિટીશ હાઇ કમિશનર ટુ ઈન્ડીયા શ્રીયુત એલેકસે ગુજરાત સરકારની આ દૂરદર્શી પહેલ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વિઝનનો વિશેષ ઉલ્લેખ કરી આનંદની લાગણી દર્શાવી હતી.

બ્રિટીશ હાઇકમિશનરે જણાવ્યું કે, ગુજરાત એજ્યુકેશન, ઈન્વેસ્ટમેન્ટ અને ટેલેન્ટમાં ભારતનું પાયોનિયર સ્ટેટ છે.

હવે, આ બે યુનિવર્સિટી વચ્ચેની સહભાગીતા સાયન્ટીફિક એકસલન્સમાં પણ ગુજરાતને વિશ્વસ્તરે લઇ જશે એવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી.

શ્રીયુત એલેક્ષે તાજેતરની ચૂંટણીઓમાં જવલંત વિજય માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને અભિનંદન પણ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગના સચિવ ડૉ. રેનુ સ્વરૂપ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, બાયોટેકનોલોજી મિશન ડાયરેકટર શ્રી સચિન ગુંસાઇ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સાયન્સ ટેકનોલોજી સચિવ શ્રી હરિત શુકલાએ આ અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું કે, આ ભાગીદારીથી મેડિકલ, ઈન્ડસ્ટ્રિયલ, એગ્રિલકલ્ચરલ અને એન્વાયર્મેન્ટલ બાયોટેક્નોલોજી જેવા વિષયોમાં ઈનોવેટિવ માસ્ટર્સ પ્રોગ્રામ્સ તેમજ ઈન્ડસ્ટ્રી સાથે સંકલિત પીએચડી પ્રોગ્રામ્સ ઉપલબ્ધ થશે અને આ તમામ પ્રોગ્રામ્સ ૨૦૨૧-૨૨ના શૈક્ષણિક સત્ર માટે ચાલુ થશે.

ગાંધીનગર ખાતે સ્થપાનારી આ ઈનોવેટિવ અને મોડર્ન ઈન્સ્ટિટ્યૂશનમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ, વિઝિટિંગ ફેકલ્ટી, સ્ટુડન્ટ મોબિલિટીની સુવિધાઓ તેમજ વૈશ્વિક કક્ષાનું શૈક્ષણિક અને સંશોધન માટેનું વાતાવરણ ઊભું કરવા માટેની પોલિસીઓ પણ યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ દ્વારા સાથે મળીને ઘડવામાં આવશે.

રાજ્ય સરકારની આ નવીન પહેલ દ્વારા ટ્રાન્સલેશનલ રિસર્ચને પ્રોત્સાહન મળશે અને દેશભરમાં બાયોટેક્નોલોજી ક્ષેત્રના વિકાસ માટે આ એક વિરાટ પગલું સાબિત થશે.

અક્ષર મુનિ સ્વામી દ્વારા હનુમાનજીને અશોભનીય વાણી વિલાસ કરવા માં આવેલ છે જેના સંદર્ભમાં

## રાજયપાલ શ્રી તેમજ સુરત પોલીસ કમિશનર શ્રી ને આવેદનપત્ર અખિલ હિન્દુ મહાસભા ગુજરાત દ્વારા આજરોજ પાઠવવામાં આવશે

હિન્દુ રાષ્ટ્ર તેમજ સનાતન ધર્મ સાથે જણાવવાનું કે સ્વામિનારાયણ નારાયણ સંપ્રદાયના એક સ્વામીજી દ્વારા સનાતન ધર્મ ના અભિન્ન અંગ કહી શકાય અને શ્રી ઉમાપતિ મહાદેવ ભોળાનાથ ના ૨૮ માંથી ૧૧ મો રુદ્ર અવતાર એવા હનુમાનજી ને ફક્ત એક જ્ઞાની કહી સંત સાથે સરખાવવું અયોગ્ય છે જેના સંદર્ભે સુરત જિલ્લા કલેકટર મારફતે ગુજરાત ના રાજ્યપાલ શ્રી અને સુરત પોલીસ કમિશનર શ્રી ને આવેદનપત્ર




પાઠવવા માં આવનાર છે..

સ્થળ:-જિલ્લા સેવા સદન,કલેકટર કચેરી અઠવાલાઈન્સ સુરત તારીખ:-૦૬/૦૩/૨૦૨૧ ને શનિવાર સમય:-૧૨ વાગ્યે

સંપર્ક:-જય ટાંક-૯૯૦૪૮૩૬૮૦૦

દિનેશ પટેલ(ડી.કે.પટેલ)

અખિલ ભારત હિન્દુ મહાસભા-ગુજરાત

## પુરુષઃ સાત રંગોનું મેઘધનુષ

લેખિકાઃ એશા દાદાવાલા

એક સ્ત્રી માટે પુરૂષ શું હોઇ શકે?

તમારા નામની પાછળ લખાતું દીવાલ જેવું અડીખમ નામ? હાથમાં દર મહિને આવી જતી ઘરખર્ચની રકમ? તમારાં સંતાનોનો પિતા? સમય કરતાં વહેલા ભરાઇ જતા લોનના હપ્તા? સોલિટેરની ગિફ્ટ? લાઇફ ઇન્શ્યોરન્સ, મેડિક્લેઇમનાં પ્રીમિયમ્સ વચ્ચે વહેંચાઇ જતો, તમારા નામે રોકાણ કરતો અને તમને સલામતી આપવા લોહી-પાણી એક કરીને પોતે કમાયેલું ઘર તમારા નામે કરી દેતો એક મર્દ?

પુરૂષ શું છે?

પિતા? પ્રેમી? પતિ? કે દોસ્ત?

પુરૂષ એક મેઘધનુષ છે. એની પાસે સાત રંગ છે અને એ સાતેય રંગ દ્વારા એ તમારા જીવનમાં ઢગલાબંધ રંગ ઠાલવતો રહે છે.

પુરૂષના આ સાત રંગ છેઃ સલામતી, સ્વીકૃતિ, સંવેદના, સહકાર, સમર્પણ, સંગાથ અને સંવાદ.

પુરૂષ એ સલામતી છે. અડધી રાત્રે તમને ઘરે મૂકવા આવે એ પુરૂષ નથી, પણ જેના સાથે હોવા માત્રથી તમારા દરેક ડર પૂંછડી દબાવીને ભાગી જાય એ પુરૂષ છે. આર્થિક રીતે સ્વતંત્ર સ્ત્રી પોતાની માલિકીના ઘરમાં સલામતી મહેસૂસ કરતી નથી, પણ ગમતા પુરૂષની છાતી વચ્ચે એ પોતાની જાતને સૌથી વધારે સલામત મહેસૂસ કરતી હોય છે. સ્ત્રી આખી જિંદગી સલામતી ઝંખતી રહે છે અને પુરૂષ લાગણીઓથી લઇને લગ્ન સુધીની બધી જ સલામતી એને આપતો રહે છે. પોતે ખરીદેલું ઘર કે ઓફિસ સ્ત્રીના નામે કરી દેતી વખતે એને ક્યારે પણ એવો વિચાર આવતો નથી કે એ દગો દઇને જતી રહેશે તો? એ સલામત થવામાં નહીં, પણ સલામતી આપવામાં માનતો હોય છે.

પુરૂષનો બીજો રંગ છે સ્વીકાર. સ્ત્રી જેટલી સરળતાથી સ્વીકાર કરી શકે છે એના કરતાં પણ પુરૂષો માટે કોઇ પણ વાત કે પરિસ્થિતિનો સ્વીકાર વધારે સહેલો હોય છે. પત્ની પતિની નાની-નાની વાતને ગાઇ-વગાડીને મોટી કરી શકે છે, પણ પત્નીની નહીં ગમતી વાતોને એ પોતાની છાતીમાંથી ક્યારેય બહાર નીકળવા દેતો નથી. કશું પણ બદલી નાખવાના વિચારોને અમલમાં મૂકવા કરતાં એને સ્વીકારી લેવાનો રસ્તો એને હંમેશાં સહેલો લાગે છે.

પુરૂષનો ત્રીજો રંગ છે સહકાર. આ એનો સૌથી મોટો ગુણ છે. એક સ્ત્રી બીજી સ્ત્રીને સહકાર આપવાની વાત આવે ત્યારે પીછેહઠ કરી લેતી હોય છે. પુરૂષ આવું કરતો નથી. બીજા પુરૂષને મદદ કરવાની વાત આવે ત્યારે એ પાછળ હટી જતો નથી. એ સહકારમાં માને છે.

પુરૂષનો ચોથો રંગ છે સંવેદના. એની પાસે પણ ભરપૂર સંવેદનાઓ હોય છે. સવાલ એટલો જ છે કે એ રડીને, એને વ્યક્ત કરતો નથી. દીવાલ પર વીંટળાયેલી વેલની માફક આ સંવેદનાઓ આખી જિંદગી એની છાતી સાથે વીંટળાયેલી રહે છે અને કોઇની પણ જાણ બહાર પુરૂષ એને લીલીછમ રાખવાના પ્રયત્નો કરતો રહે છે.

પુરૂષનો પાચંમો રંગ છે સમર્પણ. આપણે એવું માનતા આવ્યા છીએ કે સ્ત્રી સૌથી વધારે સમર્પિત હોય છે. આ વાત સાચી છે, પણ એનો અર્થ એવો નથી કે પુરૂષો સમર્પિત હોતા નથી. સ્ત્રીનાં કમિટમેન્ટ કરતાં પુરૂષનું કમિટમેન્ટ વધારે પાક્કું અને ઘાટ્ટું હોય છે. 'આ બધું છોડીને ક્યાંક ભાગી જવું છેલ્લ એવું સ્ત્રી અનેકવાર કહેતી હોય છે. પુરૂષ આવું બોલતો નથી. એ વિના બોલે જવાબદારીઓ નિભાવતો રહે છે.

પુરૂષનો સૌથી મહત્ત્વનો રંગ છે સંવાદ અને સંગાથ. સડી ગયેલા સંબંધમાં શ્રદ્ધા રાખીને એ છેલ્લે સુધી સંગાથ જાળવી રાખે છે. સ્ત્રી અબોલા લઇ શકે છે, પણ પુરૂષ માટે અબોલા સહેલા નથી હોતા. એનો ગુસ્સો ઓગળી જાય પછી સંવાદ એના માટે શ્ર્વાસ જેટલો જરૂરી થઇ જતો હોય છે.

'જેન્ટલમેન કિસે કહેતે હૈંલ્લ...આયુષમાન ખુરાનાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઇરલ થયો છે. દુનિયાભરમાં સેંકડો સ્ત્રીઓએ મી-ટૂ કહ્યું. સંબંધમાંથી ફાયદો લઇ લીધા બાદ પોતાનો ઉપયોગ થયો છે એવું ગાઇ-વગાડીને ચીસો પાડનારી સ્ત્રીઓ સામે એક પણ પુરૂષે પોતે જાણ્યે-અજાણ્યે સીડી બન્યાની ફરિયાદ ન કરી, કારણ કે પોતે લીધેલા નિર્ણયોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવાની ત્રેવડ મોટા ભાગના પુરૂષોમાં હોય છે. પોતે કરેલાં સમાધાનોને ગાઇ-વગાડીને કહેવાનું એમને માફક આવતું નથી.

પુરૂષ ખુલ્લે આમ રડી શકતો નથી. 'શયનેષુ રંભા, ભોજનેષુ માતાલ્લ જેવો કોઇ શ્ર્લોક એના માટે બન્યો નથી એટલું જ, બાકી એ પણ એના હિસ્સાનો રોલ નિભાવતા હાંફી જતો હોય છે, તમારી જેમ જ. એણે ઘરમાં વાસણ માંજવાનાં હોતા નથી. રસોઇ બનાવવાની હોતી નથી. એણે ઓફિસે જવાનું હોય છે. ઢગલાબંધ વાવાઝોડાં સામે અડીખમ ઊભા રહેવાનું હોય છે. ઓફિસમાં રમાતા રાજકારણની સુનામીઓ વચ્ચેથી ભીના થયા વિના પસાર થવાનું હોય છે. એને પિરિયડ્સ આવતા નથી. કમર કે પગના દુખાવાની ફરિયાદ એ વારેવારે કરતો નથી. દોસ્તો સાથેની એની વાતમાં કેન્દ્રસ્થાને પત્ની, સાસુ, સસરા કે સાળો હોતા નથી.

એની પણ પોતાની ઇચ્છાઓ હોય છે. એની આંખો પણ સપનાંઓ જુએ છે. આ બધું હું શું કામ વેંઢારું એવો સવાલ એને પણ થતો હોય છે,પણ એ ચૂપ રહે છે. સપનાંઓ શોપિંગ મોલમાં વેચાતાં મળતાં નથી કે ઇચ્છાઓની કોઇ દુકાનો હોતી નથી, એવું એ જાણતો હોવા છતાં ગજવામાં તમારાં સપનાંઓ અને ઇચ્છાઓનું લાંબું લિસ્ટ લઇને આખો દિવસ ફરતો રહે છે.

ઇશ્ર્વરે એનું સર્જન કર્યું ત્યારે દુનિયાભરની હિંમત એની અંદર ઠાંસી-ઠાંસીને ભરી દીધી છે એવું નથી. અંધારાનો ડર એને પણ લાગતો જ હોય છે અને તોય તમારો હાથ પકડીને એ હિંમતથી કહી શકે છે કે ડરતી નહીં. સંજોગોથી એ પણ ડરી જતો હોય છે. મુશ્કેલીઓ સામે એને પણ ફફડાટ થતો હોય છે અને તોય નિર્ણયો લેવાની જવાબદારીમાંથી મુક્ત થયા વિના તંગ દોરડા પર સતત ચાલતો રહે છે. એ ગજબ છે.

પોતાની છાતીમાં મેઘધનુષ લઇને ફરતા પુરૂષને સમજવાનું તો અઘરું જ છે, પણ એના રંગોનો સ્વીકાર પણ મુશ્કેલ છે. મેઘધનુષ દેખાય એના માટે માપસરનો વરસાદ જોઇએ.

આ એક જ વાતને સમજવાની જરૂર છે.

## જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાયા

# રાજપીપલા કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪ દરદીઓને આજે રજા અપાઇ




રાજપીપલા,શુક્રવાર

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસરશ્રી ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે તા.૦૫ મી માર્ચ, ૨૦૨૧ ના રોજ સાંજે ૫:૩૦ કલાકે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૦૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં ૯૫૬, એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૮૮૭ અને ટ્રૂ નેટ (True nat) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૧૯૧૦ નોંધાવા પામી છે.

રાજપીપલા કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪ દરદીઓને આજે રજા અપાતા, જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૯૭૭ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૧૮૯૩ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, હોમ આઇસોલેશનમા ૬ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૭ દરદીઓ અને વડોદરા ખાતે ૧ દરદી સહિત કુલ-૧૪ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૧૯૮ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૬૯ સહિત કુલ-૩૬૭ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૦૫ મી માર્ચ, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૩૧,૪૪૦ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૧૨ દરદીઓ, તાવના ૧૦ દરદીઓ, ઝાડાના ૧૮ દરદીઓ સહિત કુલ-૪૦ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૦૭૨૮ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯,૦૩,૮૧૦ લોકોને વિતરણ કરાઇ છે.

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

## સરદાર સાહેબની એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના આજે સાકાર થઇ છે – નૌકાદળ વડા- એડમીરલ કર્મબીરસિંગ

# સ્ટેચ્યુ ઓફ યુનિટીની ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ અને સેનાની ત્રણેય પાંખનાં વડા અને DRDOનાં ચેરમેને મુલાકાત લીધી

**જે રીતે સરદાર સાહેબે દેશને એક કર્યો હતો આ રાષ્ટ્રભાવનાને બધા ભારતીયો ગર્વ મહેસુસ કરે છે- ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ જનરલ બીપીન રાવત**



રાજપીપળા તા ૫

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભારતનાં સંરક્ષણ વિભાગનાં ટોચનાં અધિકારીઓએ મુલાકાત લીધી છે. ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ અને સેનાની ત્રણેય પાંખનાં વડા અને ડ્ઇર્ડ્ઓનાં ચેરમેન પણ આ મુલાકાતમાં જોડાયા હતા,મહાનુભવોએ સરદાર સાહેબને ભાવાંજલી અર્પી હતી.

Combined Commanders Conference-૨૦૨૧માં હાજરી આપવા આવેલા ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ જનરલ બીપીન રાવત, નૌકાદળ વડા- એડમીરલ કર્મબીરસિંગ, ભુમીદળ વડા- જનરલ એમ.એમ.નરવણે, હવાઇદળ વડા – એર ચીફ માર્શલ- આરકેએસ ભદોરીયા અને DRDO ચેરમેન જી. સતીષ રેડ્ડીએ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઇને અખંડ ભારતનાં શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતીમાનાં દર્શન કરીને ભાવંજલી અર્પી હતી. મહાનુભવોએ અખંડ ભારત બનાવવામાં સરદાર સાહેબે આપેલા યોગદાનને યાદ કરી સરદાર સાહેબનાં જીવન-કવનને પ્રસ્તુત કરતા મ્યુઝીયમ અને દર્શન કક્ષની મુલાકાત લઇ રસપુર્વક નિરીક્ષણ કર્યુ હતુ.તમામનું સ્વાગત પ્રાચિન ભાષા સંસ્કૃતમાં કરવામાં આવ્યુ હતુ.

એકતા પ્રતિમા સ્થળે તમામ મહાનુભવોએ પોતાનાં પ્રતિભાવો આપ્યા હતા. ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ જનરલ બીપીન રાવતે જણાવ્યુ હતુ કે, જે રીતે સરદાર સાહેબે દેશને એક કર્યો હતો આ રાષ્ટ્રભાવનાને બધા ભારતીયો ગર્વ મહેસુસ કરે છે. નૌકાદળ વડા એડમીરલ કર્મબીરસિંગે જણાવ્યુ હતુ કે, સરદાર સાહેબની એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના આજે સાકાર થઇ છે.

ભૂમીદળ વડા જનરલ એમ.એમ.નરવણેએ જણાવ્યુ હતુ કે,પ્રતિમાં બહુ જ સારી રીતે બનાવવામાં આવી છે, આપણા આગેવાન સરદાર સાહેબને નમન કરૂ છુ. હવાઇદળ વડા એર ચીફમાર્શલ આરકેએસ ભદોરીયાએ જણાવ્યુ હતુ કે, એકતાની પ્રતિમાં બનાવીને લોખંડી મનોબળ ધરાવતા સરદાર સાહેબને સચી શ્રધ્ધાંજલી. DRDO ચેરમેન જી. સતીષ રેડ્ડીએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીનું આ સ્વપ્ન ખરેખર તકનીકી ચમત્કાર છે.

આ પ્રસંગે જીલ્લા કલેકટર અને મુખ્ય વહીવટદાર ડી.એ.શાહ દ્વારા મહાનુભાવોને આવકારવામાં આવ્યા હતા અને તેઓને સરદાર સાહેબનાં જીવન ચરીત્ર સાથે જોડાયેલ પુસ્તક અને સરદાર સાહેબની પ્રતિમાં સ્મૃતિરૂપે અર્પણ કરી હતી.

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

# ચ્યુ ઓફ યુનિટી ખાતે રક્ષા મંત્રી રાજનાથસિંહ સમક્ષ સંસ્કૃત ભાષામાં વાત કરતા રક્ષામંત્રી પ્રભાવિત થયા



રાજપીપળા,તા.૫

નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ટેન્ટ સિટી ખાતે આર્મી,નેવી,એરફોર્સની ટોપ કમાન્ડર કોન્ફરન્સનું આયોજન કરાયું છે.જેનો આરંભ થયો છે. ૬ઠ્ઠી માર્ચ ના રોજ તેના સમાપન તમારો હમણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપનાર છે.આજે રક્ષામંત્રી રામનાથ આજે કેવડીયા પહોંચ્યા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પર સરદાર પટેલની પ્રતિમાને ચરણસ્પર્શ કરી વંદન કર્યા હતા. ખાસ તો જયારે રક્ષા મંત્રી રાજનાથસિંહ સ્ટેચ્યુ પર પહોંચ્યા ત્યારે ત્યાંના ગાયકોની સંસ્કૃત ભાષામાં વાત કરી ત્યારે રક્ષામંત્રી ખૂબ અચંબામાં પડી ગયા હતા. અને ગાયને સંસ્કૃત ભાષામાં વાત કરતા જોઈને પ્રભાવિત થયા હતા.તેમને રક્ષામંત્રી રાજનાથસિંહને સંસ્કૃત ભાષામાં માહિતી આપી ગાઈડ કરતા ખુશ થયા હતા.આ અંગે ના ફોટા નર્મદા નિગમના ચેરમેન રાજીવ ગુપ્તા ટીવીટી ઉપર ફોટા અને માહિતી મૂકતા જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં એકમાત્ર સ્ટેચ્યુ પર ટૂરિસ્ટને સંસ્કૃત ભાષામાં ગાઈડ કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્ટેચ્યુ ખાતેના ૧૫ જેટલા ગાઈડને સંસ્કૃત ભાષાની ખાસ બે માસની તાલીમ આપીને તૈયાર કર્યા છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભારતના પ્રાચીન ભાષા સંસ્કૃત ભાષાનું મહત્વ વધે તે માટે તાલીમ આપી તૈયાર કર્યા છે.૬ તારીખે વડાપ્રધાન મોદી સાથે પણ ગાઈડ સંસ્કૃત ભાષામાં વાત કરે તો નવાઈ નહીં.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા



**વૈશ્વિક મહામારી કોરોના સામેની લડાઇ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ રસી લેવામાં આવી છે અને સાથે જ ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન્સ ને રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગરના મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા આજે સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના રસીકરણ કેન્દ્રની ખાસ મુલાકાત લેવામાં આવી હતી. મેયરશ્રીએ રસીકરણ પ્રક્રીયાનુ નિરિક્ષણ કરવાની સાથે લાભાર્થીઓની સાથે વાતચીત કરીને રસીકરણ કરાવવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા.**

**આ ઉપરાંત મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા રસીકરણ કેન્દ્ર પરના તબિબો અને સિવિલ સર્જન સહિત અધિકારીઓ સાથે બેઠક યોજીને રસીકરણ સંબંધે ગોઠવવામાં આવેલી વ્યવસ્થાની માહિતી મેળવીને સમિક્ષા કરી હતી.**

## મારા પુત્રને બુથ નં.૧ અને ૫ મા પેનલની બહાર કાઢી મૂક્યાનો આરોપ.

# રાજપીપળા નગરપાલિકામાં ભાજપના ત્રણ ઉમેદવારો એ મારા પુત્રને હરાવ્યો : સુરેશ વસાવાનો આરોપ



રાજપીપળા,તા.૫

હાલમાં જ રાજપીપળા નગરપાલિકાની ચૂંટણી સંપન્ન થઈ છે. અને તે પછી પરિણામો પણ જાહેર થયા.જેમાં હારજીતના ગણેત મંડાતા રગદ્વેષ પણ જોવા મળ્યો હતો. જેમાં રાજપીપળા નગરપાલિકામાં વોર્ડ ૩ માં ભાજપની પેનલના જ ત્રણ ઉમેદવારોએ પોતાના પુત્રને હરાવવા ગંદુ રાજકારણ રમી હોવાનો આક્ષેપ પિતાએ લગાવતા ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજપીપળા પાલિકામાં વોર્ડ ૪ અને વોર્ડ ૬ માં ભાજપની આખી પેનલનો વિજય થયો છે. જયારે વોર્ડ ૧ માં એક ઉમેદવાર, તો વોર્ડ ૩ માં ત્રણે ઉમેદવારો અને વોર્ડ ૫ અને ૭ મા ભાજપના બે ઉમેદવારો વિજયી બન્યા છે. નર્મદા જિલ્લા ભાજપના અગ્રણી અને એક સમયે વિધાનસભાની ટિકિટ ના દાવેદાર એવા સુરેશ વસાવાના પુત્ર મયુર વસાવાની ભાજપે ટિકિટ આપી હતી.અને રાજપીપળા નગરપાલિકા વોર્ડ ૩ માં ઉમેદવાર જાહેર કર્યા હતા. ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ વોર્ડ ૩ મા મયુર વસાવા સિવાય બાકીના ૩ ઉમેદવારો જંગી બહુમતીથી વિજય થયો હતો અને મયુર વસાવા હારી ગયા હતા.

પિતા સુરેશ વસાવા ગંભીર આક્ષેપ લગાવ્યો છે કે મારા જ પુત્ર ને હરાવવા ભાજપની પેનલના જ ત્રણ ઉમેદવારોએ ભાગ ભજવ્યો છે.એમને વધુમાં જણાવ્યું હતું કે વોર્ડમાં ૩ બેઠકો પર ભાજપનો વિજય થયો છે.જયારે આદિવાસી બેઠક પર મારા પુત્ર ૧૪૮ મતે પરાજય થયો છે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ,રાજપીપળા

# વિરમગામના ભાજપના ૨૨ અને ૧૪ અપક્ષ મળી તમામ ૩૬ વિજયી ઉમેદવારોને મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.:કિરીટકુમાર એલ.વ્યાસ

છેલ્લા ૧૫ વર્ષમાં વીરમગામ નો વિકાસ ખાડે ગયેલો હોવા છતાં વિરમગામના મતદારો એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કર્તવ્યનિષ્ઠા અને ગૃહમંત્રી અમિત શાહની કાર્યદક્ષતા નજર સમક્ષ રાખી વીરમગામ ના વિકાસ માટે મત આપી નગરપાલિકા માં ભાજપ ને સત્તા સોંપી છે.

વિરમગામ નગરપાલિકા માં ભારતીય જનતા પક્ષને ૨૨ બેઠકોની બહુમતી સાથે વિજયની વરમાળા પ્રાપ્ત થયેલ છે. વિરમગામ ની જનતા જનાર્દને છેલ્લા ૧૫ વર્ષના શાસનમાં ભારતીય જનતા પક્ષને સ્પષ્ટ બહુમતી આપી ન હતી. તેમ છતાં એને કેન પ્રકારે નગરપાલિકાની સત્તા હસ્તગત કરી ને સત્તા જાળવી રાખી હતી. સ્પષ્ટ બહુમતી નહી હોવા ને કારણે વિરમગામ શહેરના નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત સંતોષી શકાય શકાય તેવા કોઈ કામ નગરપાલિકા ના ભાજપના સત્તાધીશો દ્વારા કરવામાં આવ્યા ન હતા. છતાં રાજ્ય સરકાર તરફથી મળેલી કરોડોની ગ્રાન્ટ કહેવાતા વિરમગામના વિકાસમાં વપરાઈ ગઈ હોવાનો રેકોર્ડ નગરપાલિકામાં બોલે છે. નાગરિકો અને મારા સહિત કેટલાક પત્રકારો દ્વારા નગરપાલિકાના ભાજપના શાસનકર્તા ઓ ઉપર ભ્રષ્ટાચાર અને વિરમગામ શહેરની દુર્દશા ઉપર દૈનિક અખબારો અને સોશિયલ મીડિયા દ્વારા શહેરના નાગરિકો સમક્ષ પ્રકાશ ફેંકવામાં અમારો પત્રકારત્વ ધર્મ બજાવવા માં આવ્યો હતો. પત્રકારો દ્વાર વિરમગામ ભાજપના શાસન કરતા અંગે કોઈ વ્યક્તિગત તેજોદ્વેષ રાખવામાં આવ્યો નહોતો પરંતુ વિરમગામની જે પરિસ્થિતિ હતી તે ઉજાગર કરવાનો અમે પ્રયત્ન કર્યો હતો . આજે વિરમગામની સાંપ્રત સમસ્યાઓ જે સ્થાને છે તેજ સ્થાન ઉપર ઉભી છે. આ સમસ્યાઓ નો નિકાલ કરવામાં છેલ્લી ભાજપ શાસનની બોર્ડ સંપૂર્ણ નિષ્ફળ રહી હતી. તેમ છતાં આજે વિરમગામના સમજુ અને શાણા મતદારોએ ભાજપના ઉમેદવારોને વિજય બનાવ્યા છે. આ ભવ્ય વિજય પાછળ ખરું રહસ્ય શું છે ? વિરમગામની સાંપ્રત સમસ્યાઓને અવગણીને ભાજપને મત મતદારોએ શા માટે આપ્યા ?.આ વિજય ફક્ત અને ફક્ત વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ની સતત દેશ માટે કામ કરવાની છબી રામ મંદિર નું ભૂમિ પૂજન અને હિન્દુત્વવાદી વિચારસરણી ને આભારી છે. વિરમગામ શહેર વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ નુ ભૂતકાળની કર્મભૂમિ નું સાક્ષી છે. દિલ્હીની ગાદી ઉપર ગુજરાતના એક સપૂત તરીકે નરેન્દ્ર ભાઈ મોદી વડાપ્રધાન તરીકે તેમની કાર્યદક્ષતા અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભૂતકાળમાં વિરમગામ તરફ બતાવેલી લાગણી તથા કરેલા કામની પ્રતિભા જેવા અનેક કારણો નજર સમક્ષ રાખીને વિરમગામના મતદાતાઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અને ગૃહમંત્રી અમિત શાહની પ્રતિભાસંપન્ન કામગીરી નજર સમક્ષ રાખીને છેલ્લા પાંચ વર્ષમાં વિરમગામમાં ભાજપનું શાસન હોવા છતાં વિરમગામના બેહાલ થઇ ગયા હોવા છતાં વિરમગામના નાગરિકોએ ભાજપના ઉમેદવારોને મત આપી નગરપાલિકામાં સ્પષ્ટ બહુમતી આપી છે.તેથી હવે ભાજપની શહેર, તાલુકા અને જિલ્લા કક્ષાની નેતાગીરીએ વિરમગામ નગરપાલિકા માં ભૂતકાળના ખદબદતા ભ્રષ્ટાચાર દૂર રાખીને વિરમગામના પ્રાણ પ્રશ્નો ની સમસ્યાઓ જે નાગરિકોની નજર સમક્ષ દેખાય છે તે ઉકેલવા માટે સત્વરે કામગીરી કરવી પડશે. વિરમગામ નાગરિકોએ સ્પષ્ટ બહુમતી આપી છે તેથી સ્પષ્ટ બહુમતી ને કારણે કોઈ રુકાવટ આવી શકશે નહીં. વિરમગામ નગરપાલિકામાં ભાજપના ઉમેદવારોને વિજય થયો છે અને સ્પષ્ટ બહુમતી મળી છે તેથી વિરમગામ શહેરના નાગરિકોની આશા અને અનુમાન મુજબ ભંગાર અને દુર્દશા પામેલા વિરમગામ ને નવુ વિરમગામ બનાવવા માટે સક્રિય પ્રયત્નો સત્તાધારી ભાજપ ના શાસન કર્તા વહીવટદારો કરશે અને વિજય બનેલ અપક્ષ ઉમેદવારો વિરમગામ ના વિકાસ માટે ટેકો આપીને ભ્રષ્ટાચાર કે અન્ય ખોટા કામ અટકાવવા વિપક્ષ તરીકે ચોકીદાર બની

વિરમગામ એક સ્વચ્છ અને સુંદર શહેર બનાવવા માટે વિરોધ પક્ષની સબળ ભૂમિકા ભજવશે એવી આશા છે. વિરમગામ ના ભાજપના ૨૨ અને ૧૪ અપક્ષ મળી તમામ ૩૬ વિજયી ઉમેદવારોને મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

કિરીટકુમાર એલ. વ્યાસ વિરમગામ
પત્રકાર ફોટો જર્નાલિસ્ટ

## આમલેથા ગામે ચૂંટણીની અદાવતે લોખંડના સળીયા વડે જીવલેણ હુમલો

રાજપીપળા,તા. ૫

નર્મદામાં ચૂંટણીના પરિણામો પછી હારેલા ઉમેદવારો અને તેમના સમર્થકોમાં હતાશાનું વાતાવરણ છે દ્વજેમાં ચૂંટણીની અદાવતે મારી હુમલાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાં નાંદોદ તાલુકાના આમલેથા ગામે ચૂંટણીની અદાવતે લોખંડના સળીયા વડે જીવલેણ હુમલો કરી એકને ગંભીર ઈજા કરવાનો બનાવ બન્યો છે.આ અંગેની પોલીસ ફરિયાદ આમલેથા પોલીસ મથકે નોંધાઇ છે.જેમાં ફરિયાદી રાકેશભાઈ ગુલાબસિંગ વસાવા (રહે,આમલેથા,સરપંચ ફળિયુ )એ આરોપી કિશનભાઇ સુરમભાઈ વસાવા (રહે,આમલેથા, ઝરખા ફળિયા )સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ ફરિયાદી રાકેશભાઈ પોતાના ખેતરે પાણી વાળવા માટે જતો હતો ત્યારે તેને જોઈને આરોપી કિશનભાઇ સુરમભાઈ વસાવા (રહે,આમલેથા ઝરખા ફળિયા ) એ ગમે તેમ ગાળો બોલી તમે લોકોએ અમોને મત આપેલ નથી અને ભાજપ પાર્ટી ને મત આપેલ છે.જેથી અમો હારી ગયેલ છે. તેમ કહી એકદમ ઉશ્કેરાઈ લોખંડનો સળિયો લઈ આવી ફરિયાદી રાકેશને બંને પગમાં જાંગથી નીચેના ભાગે સળિયા વડે માર મારી ઈજા પહોંચાડે તથા માથાના ભાગે થપ્પડ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જિલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## આધુનિક સુવિધાઓ અને આકર્ષણો ધરાવતા EEVAના શો-રૂમનો સે.૩૦ ખાતે પ્રારંભ

# ઈ-વ્હીકલ શ્રેણીમાં સ્ટાર્ટઅપ કંપની દ્વારા ગાંધીનગરની જનતાને નવું નજરાણું

## પેટ્રોલ, ડિઝલના નિરંકુશ વધતાં ભાવો વચ્ચે EEVA આશીર્વાદરૂપ નીવડશે




ગાંધીનગર

ગાંધીનગર ખાતે ઈલેક્ટ્રીક વ્હીકલની સ્ટાર્ટઅપ કંપની તરીકે છઠ્ઠી માર્ચ, ૨૦૨૧, શનિવારના રોજ ELEXAનો શુભારંભ થયો છે. બે વર્ષની મહેનતના અંતે કંપની દ્વારા નવા આકર્ષક આયામો અને અસરકારક ઉત્પાદન તરીકે Eeva બજારમાં પ્રસ્તુત કરવામાં આવી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં કંપનીના શ્રી દીપ જનાણીએ જણાવ્યું હતું કે પિતાશ્રી પિયુષ જનાણી અને કાકા શ્રી કેતન જનાણીના અનુભવી વિઝન અને સપોર્ટથી ૨૧મી સદીના બિઝનેશ મોડેલના યુગમાં કંઈક મોટું અને ગેમ ચેન્જર એવું ઈલેક્ટ્રીક વ્હીકલ નિર્માણ પામ્યું છે. જે વર્તમાન બજારમાં તદ્દન નવી જ Ev પ્રોડક્ટ છે. કંપની દ્વારા આ પ્રોડ્ક્ટ EEVA ગાંધીનગર ખાતે તૈયાર થઈને જનતાની સેવામાં મૂકાઈ રહી છે. સે.૩૦ના જીટીએસ રોડ, પ્લોટ નં. ૨૫ ખાતેથી ઉપલબ્ધ થનાર આ ઈલેક્ટ્રીકલ વ્હીકલ અનેકવિધ આકર્ષક ખૂબીઓ ધરાવે છે. પેટ્રોલ, ડીઝલ અને ગૅસ જેવા ઈંધણના ભાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે ત્યારે માત્ર ૪ રૂપિયામાં ૬૦ થી ૬૫ કિમીની એવરેજ આપતું ઈઈફ્છ સમાજના સઘળા વર્ગોને પોષાય તેમ છે. આ વાહનમાં લાઈસન્સ કે રજિસ્ટ્રેશનની કોઈ જરૂર નથી. ૩ વર્ષની વોરંટી સાથે ૪૮ વોટની લિથિયમ બેટરી છે. જે અઢી થી ૩ કલાકમાં ફાસ્ટ ચાર્જિંગ થઈ શકે છે. EEVAની ટોપ સ્પીડ પ્રતિ કલાક ૨૫ કિ.મી. અને વજન ક્ષમતા ૨૦૦ કિ.ગ્રા.ની છે. પોર્ટેબલ ચાર્જર, રિવર્સ મોડ, રિમોટ એક્સેસ કી, એન્ટી થેફ્ટ એલાર્મ, ભારતીય ડિઝાઈન અને આરામદાયક બેઠક EEVAના આગવા આકર્ષણો છે. તેના સ્પેરપાર્ટ્સની વોરંટી પણ દોઢ વર્ષની છે. આ સિવાય પણ અન્ય વિશેષ ખૂબીઓ ધરાવતું ઈ-વાહન EEVA ગાંધીનગર અને આસપાસના વિસ્તારની જનતાને ઘરઆંગણે ઉપલબ્ધ થઈ રહ્યું છે ઉલ્લેખનીય છે. કે EEVAની સફળતા બાદ આગામી બે વર્ષમાં કંપની દ્વારા ઈલેક્ટ્રીક બાયસિકલ્સ, ઈલેક્ટ્રીક બાઈક અને ઈલેક્ટ્રીક ઓટો જેવા વાહનો પણ બજારમાં મૂકવામાં આવશે એમ શ્રી દીપ જનાણીએ વધુમાં જણાવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.